# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૬ 
અંક : ૦૯

૨૦૨૨ : સપ્ટેમ્બર 
માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

*શ્રી જગતભાઈ એચ. દવે*

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

## આભાર.... આભાર... આભાર...

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના યજમાન પદે યોજવા માટે તા. ૧૫-૦૫-૨૦૨૨ના રોજ નક્કી થયેલ ત્યારબાદ અધિવેશનના દાતાઓ નક્કી કરી ટૂંક સમયમાં પાસ છપાવી ગામે ગામ મોકલી આપેલ ગામેગામના મંડળો દ્વારા પ્રયત્નો કરી ૩૧-૦૮-૨૦૨૨ સુધીમાં પાસનું વિતરણ સંપૂર્ણ પૂર્ણ થયેલ છે.

૩૦ પાસ - બાજખેડાવાળ સમાજ ભરૂચ, ૪૦ પાસ - શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા ઓફિસ, ૧૦ પાસ - શ્રી બાજખેડાવાળ સમાજ - મહેમદાવાદ, ૨૫ પાસ - શ્રી બાજખેડાવાળ સમાજ - વસો, ૧૫ પાસ - શ્રી બાજખેડાવાળ સમાજ-મહુધા, ૬૦ પાસ - શ્રી બાજખેડાવાળ સમાજ - નડિયાદ, ૫૦ પાસ - શ્રી બાજખેડાવાળ સમાજ - વડોદરા, ૩૧૦ પાસ - શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ આમ કુલ મળી ૫૫૦ પાસનું વિત્તરણ શુભેચ્છા ગીફ્ટ સાથે તા. ૩૧-૦૮-૨૦૨૨ સુધીમાં થઈ ગયેલ છે.

ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ મળી અંદાજિત ૫૦૦ આમંત્રિત પાસ પણ વિતરણ થઈ ગયેલ છે. હોલની કેપીસીટી ૧૦૦૦ની જ હોવાથી હવે પછી કોઈ પાસ વિતરણ થઈ શકે તેવી નથી. સમયસર પાસ મેળવી લેનાર સૌ જ્ઞાતિજનોનો સહકાર બદલ આભાર માને છે અને અહેસાનની લાગણી વ્યક્ત કરે છે.

મોર જેમ પીંછાથી રળિયામણો હોય છે તેમ શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના તમામ કારોબારી સભ્યો દ્વારા ઓછામાં ઓછા રૂ. ૧૧૦૦૦/- અને તેથી વધુ રૂપિયા પોતાના આપી સંસ્થા અને સમાજમાં આણંદ બાજખેડાવાળ મંડળનું ગૌરવ વધાર્યું છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૪૮ સભ્યોમાંથી કુલ ૪૧ સભ્યોએ આજદિન સુધીમાં આ ફંડ લાવવામાં આર્થિક રીતે મદદરૂપ થયા છે અને બાકીના કારોબારી સભ્યો આ ફંડ લાવવામાં માટે પ્રયત્નશીલ છે જેથી કરીને ખૂબ જ ટૂંકા ગાળાના સમયમાં ૩૩માં અધિવેશનનું સુંદર સુપેરે આયોજન પૂર્ણ થઈ ગયેલ છે એમ કહીએ તો નવાઈ નથી.

આગામી ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન ક્ષીરજામ્બા માંના ચરણોમાં તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ યોજાનાર છે. તેમાં પણ આવો જ સહકાર મળશે તેમાં શંકાને સ્થાન નથી.

૨૦૦૪ થી આજ દિન સુધીમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આર્થિક, માનસિક, શારિરીક રૂપે મદદરૂપ થનારા સૌ પ્રત્યે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા અહેસાન અને આનંદની લાગણી અનુભવે છે.

ખાસ નોંધ - ૩૩માં રાષ્ટ્રીય અધિવેશનમાં હોલની કેપીસીટીને ધ્યાનમાં રાખી નવા કોઈ પાસ હવે ઈસ્યૂ કરી શકાય તેવી પરિસ્થિતિ નથી જેની નોંધ લઈ ક્ષમ્ય ગણશો.

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રમુખ**

**સમીરભાઈ એસ. દવે** — **મંત્રી**

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

## તંત્રી લેખ...

વર્ષાની વિદાય અને શરદનું આગમન એટલે ભાદરવો. દિવસે ધોમ ધખે અને મોડી રાત્રે આછુ ઓઢીને સુવુ પડે એવો ઠાર પડે. આયુર્વેદાચાર્યો કહી ગયા છે કે વર્ષામાં પિત્તનો સંગ્રહ થાય અને શરદમા તે પિત્ત, પ્રકોપે આ પ્રકોપવું એટલે તાવ.

ભાદરવાના તાપ અને તાવથી બચવા ત્રણ-ચાર ઘરગથ્થુ પ્રયોગો

(૧) ભાદરવાના ત્રીસે દિવસ રોજ રાત્રે સુતા પહેલા સુદર્શન/મહાસુદર્શન ઘનવટી-૨-૩ ટીકડી ચાવીને નવસેકા ગરમ પાણી સાથે લેવી.

(૨) અનુકૂળતા હોય તો ભાદરવાના ત્રીસે દિવસ દુધ-ચોખા-સાકરની ખીર અથવા દુધ-પૌવા ખાવુ. ગળ્યુ દૂધ એ વકરેલા પિત્તનું જાની દુશ્મન છે. આ હેતુથી જ શ્રાદ્ધપક્ષમાં ખીર બનાવવાનું આયોજન થયું હતું.

(૩) જેની છાલ પર કથ્થાઈ/કાળા ડાઘ હોય એવા પાકેળ કેળાને છુંદીને એમા સાકર ઉમેરી બપોરે જમવા સાથે ખાવા. જા ઈચ્છા હોય તો ઘી પણ ઉમેરવું પણ કેળા સાથે ઘી પાચનમાં ભારે થાય એટલે જો ઘી ઉમેરો, તો પછી બે એલચી વાટીને ઉમેરી લેવી.

(જો ખીર અને કેળા - બન્નેનો પ્રયોગ કરવો હોય તો કેળા બપોરે અને ખીર સાંજે એમ ગોઠવવું)

(૪) ભૂલેચૂકે ખાટી છાશ ન જ પીવી. ખુબ વલોવેલી, સાવ મોળી છાશ લેવી હોય તો ક્યારેક લેવાય.

(૫) ઠંડા પહોરે (વહેલી સવારે કે સાંજે) પરસેવો વળે એટલું ચાલવું.

(ઠંડી અને ચાંદની રાતમાં રાસગરબા ના આયોજન પાછળનું રહસ્ય આ જ હતું - પરસેવો પડે)

આચાર્યોએ શરદને રોગોની માતા કહી છે - "રોગાણામ્ શારદી માતા" અને "યમની દાઢ" પણ કહી. આપણામાં એક આશિર્વાદ પ્રચલીત હતો.

શતમ્ જીવ શરદઃ એટલે કે આવી સૌ શરદ સુખરૂપ જીવી જાઓ એવી શુભેચ્છા આપવામાં આવતી.

સર્વે ભવન્તુ સુખિન સર્વે સન્તુ નિરામયાઃ આ માહિતી આપણા દરેક ગુજરાતી પરિવાર સુધી પહોંચાડી સમાજને બીમારીથી બચાવવામાં તમે તમારી ફરજ નિભાવો એ જ પ્રાર્થના.

**તંત્રી - શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના ઉદ્‌ઘાટકશ્રી



**ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ**

*જન્મ તા. ૦૨–૦૫–૧૯૩૨* — *વતન – ઉમરેઠ*

શૈક્ષણિક – પ્રાથમિક–માધ્યમિક કેળવણી ઉમરેઠમાં લીધી. ત્યારબાદ ઉમરેઠ કેળવણી મંડળની એચ. એમ. દવે હાઈસ્કૂલમાં ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી સેવા આપી. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી આણંદ શારદા હાઈસ્કૂલમાં સેવા આપી. ૧૯૬૪ થી ૧૯૭૧ મોરબીમાં સેવા આપી. દરમ્યાન બી.એ., એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૭૦ થી ૧૯૯૨ સુધી અધ્યાપક તરીકે N. S. Patel Arts College માં સેવા આપી. દરમ્યાન Ph.D.ની ડીગ્રી મેળવી. ૧૯૯૨માં નિવૃત્ત થયા.

ગુજરાત રાજ્ય સોશ્યલ વેલફેર બોર્ડના સભ્ય તરીકે સેવા આપી. સરદાર પટેલ યુનિ.ની સેનેટમાં સભ્યપદે રહી સેવા આપી. અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાત શાખાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ગુજરાત રાજ્ય બાલકલ્યાણ સંઘની વિદ્યાનગર શાખામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ભગિની સેવા સમાજના પ્રમુખ તરીકે આણંદમાં બાજખેડાવાળ મહિલા મંડળની સ્થાપના કરી. મહિલા મંડળને પ્રવૃતિશીલ કરી કાર્યરત કર્યું. આજે પણ મહિલા મંડળ ઉત્તમ રીતે પ્રવૃતિ કરી રહ્યું છે.

બે દિકરા અને બે દિકરી યુ.એસ.એ.માં રહેતા હોવાથી ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બારથી તેર વખત પ્રવાસ કર્યો અને અમેરિકા દેશના વિવિધ રાજ્યોમાં રહેવાનો અનુભવ મળ્યો. બે બેનો લંડન રહેતી હોવાથી લંડનનો પણ ૩ વખત પ્રવાસ કર્યો.

હાલ આણંદ બાજખેડાવાળ મહિલા મંડળની પ્રવૃત્તિઓમાં રસ લઈ વિકાસના સ્તર પર આગળ લઈ ગયા છે.

ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટના પતિ ચન્દ્રગુપ્ત ભટ્ટ કે જેઓ સી. કે. ભટ્ટના નામે ઓળખાતા હતા. છેલ્લા ૧૦ વર્ષથી અધિવેશનના ઉદ્‌ઘાટક તરીકે તેઓશ્રી આવતા હતા અને સમાજને માર્ગદર્શન આપતાં હતા. કોરોના કાળ દરમ્યાન લાંબી બીમારી બાદ તેઓ સ્વર્ગારોહણ થયેલ પરંતુ તેમની પરંપરા ડૉ. વનલતાબેને જાળવી રાખેલ છે. તેઓશ્રીનો આ પ્રસંગે સંસ્થા આભાર માને છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના મુખ્ય મહેમાનશ્રી



### ડૉ. પ્રવીણાબેન નરેન્દ્રકુમાર પંડ્યા

૩, તક્ષશિલા બંગ્લોઝ, હોટલ એરિઝોના પાછળ, આણંદ સોજીત્રા રોડ, આણંદ-૩૮૮૦૦૧
+91-94272 05163, pravina1950@gmail.com

મૂળ વતન : ઊંડી શેરી, માતાવાળી પોળ, આણંદ
પિતાશ્રી : જયંતિલાલ ભોગીલાલ પંડ્યા
માતાશ્રી : તારાબેન જયંતિલાલ પંડ્યા
અભ્યાસ : બી.એ., એમ.એ. (ઈકોનોમીક્સ) યુનિવર્સિટી ફર્સ્ટ ગોલ્ડમેડલ
પીએચ.ડી. (ઈકોનોમીક્સ)
કારકીર્દી : - અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે ૩૦ વર્ષ જૂનાગઢ કોલેજમાં સર્વિસ કરી
- પીએચ.ડી.ના ઈકોનોમીક્સના ગાઈડ તરીકે ૧૨ વિદ્યાર્થીને ડિગ્રી આપી
- અર્થશાસ્ત્રના ૬ પુસ્તક લખ્યા છે.
- નોકરીની શરૂઆત આણંત એન.એસ. પટેલ આટ્ર્સ કોલેજમાં ૧૦ મહિનાથી કરી
- લગ્ન પછી તેમણે જૂનાગઢને કર્મભૂમિ બનાવી
વિષેશ : - સાહિત્ય, સંગીત અને સંશોધન પ્રિય વિષય છે.
- સ્ત્રીઓના વિકાસ અને સ્ટેટસ વિષે ખૂબ ઉંડાણપૂર્વક સંશોધન કરી એવોર્ડ પ્રાપ્ત કર્યા છે
- નેશનલ અને પ્રાદેશિક સેમિનારમાં સ્ત્રી સશક્તિકરણ ઉપર પેપરો રજૂ કર્યા છે.
પરિવાર : - પતિજી ડો. નરેન્દ્રકુમાર પંડ્યા, પ્રોફેસર-જૂનાગઢ એગ્રી યુનિ. જૂનાગઢ
- પુત્ર ડૉ. મૌલિક પંડ્યા, પ્રિન્સિપાલ - એમ.બી. સાયન્સમાં બી.સી.એ. કોલેજ આણંદ
- પુત્રવધુ જિયા પંડ્યા, ઉડાન ઇંગ્લીશ મિડિયમ, ચરોતર એજ્યુ. સોસાયટી, આણંદ
- પૌત્ર દેવસ્ય આનંદાલયમાં 5th સ્ટાન્ડર્ડ
- પુત્રી ડૉ. મૌર્વી વસાવડા, બિઝનેસ મેનેજમેન્ટ વિભાગ, ગણપત યુનિ.
- જમાઈશ્રી નેહીત વસાવડા, એ.જી.એમ. - અમૂલ ફેડ ડેરી, અમ.
- દોહિત્રી ધીમહિ વસાવડા, એમ.એસ.સી. બાયોટેકનોલોજીમાં અભ્યાસ, સિમ્બાયો

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના મુખ્ય મહેમાનશ્રી



### શ્રી રમાબેન કાંતિલાલ જોષી

જન્મતારીખ: ૧૪–૦૪–૧૯૪૩

મૂળવતન : ઉમરેઠ, હાલ–અમદાવાદ

અભ્યાસ : પી.ટી.સી.

કારકીર્દી : રમાબેનના લગ્ન અમદાવાદ (મુળ–ઉમરેઠ) નિવાસી કાંતિલાલ સી. જોષી સાથે થયેલ છે.

કાંતિલાલ જોષી બી.ઓ.બી. બેંકમાં મેનેજર તરીકેની સેવાઓ આપી. હાલ નિવૃત્ત છે.

રમાબેન તેમનો અભ્યાસ પૂર્ણ કરી ગોધરા મુકામે શિક્ષીકા તરીકે કારકીર્દી શરૂઆત કરેલ. ત્યારબાદ લગ્ન થવાથી અમદાવાદ મુકામે શીફ્ટ થઈ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં નગર પ્રાથમિક શિક્ષણ વિભાગમાં નિવૃત્ત પર્યંત શિક્ષીકા તરીકે સેવાઓ આપેલ છે.

તેમને બે પુત્રો છે. જેમાં મોટો પુત્ર હિરેન કે જે સીવીલ એન્જીનીયર છે અને અમેરીકા મુકામે ગર્વમેન્ટ જોબ છે. તેઓની પત્ની નિલમ તથા બે દિકરીઓ સાથે અમેરીકામાં સ્થાયી થયેલ છે તથા નાનો પુત્ર ઉર્વીશ કે જેઓ બી.કોમ. પછી પોતાનો કોમ્પ્યુટર ગ્રાફીક્સનો વ્યવસાય કરે છે. તેમની પત્ની નિધી તથા એક દિકરી સાથે અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

રમાબેન તથા કાંતિભાઈ તેમનું નિવૃત્ત જીવન નાના પુત્ર ઉર્વીશ સાથે હાલ અમદાવાદમાં વિતાવે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી છાયાબેન દવે (મુંબઈ)

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃત્તિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી પ્રો. અનિલકુમાર કૃષ્ણરામ ભટ્ટ

પ્રો. અનિલકુમાર કૃષ્ણરામ ઉર્ફે કિકુભાઈ ભટ્ટ એટલે એક 'વિરાટ વ્યક્તિત્વ' આણંદ મુકામે પંડ્યા ફળીમાં તા. ૨૬–૩–૧૯૪૪નાં રોજ પિતા સ્વ. શ્રી કૃષ્ણરામ કીરપાશંકર ભટ્ટ તથા માતા સ્વ. ઈન્દીરાબેન કૃષ્ણરામ ભટ્ટનાં ઘેરથી પોતાની જીવનયાત્રા શરૂ કરી. પોતાની જવલંત શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન M.Com. Accountancy Costing અને Business Finance માં Highest માર્ક્સ સાથે રેન્ક હોલ્ડર રહ્યાં છે. ૧૯૬૮માં જે બી.જે.વી.એમ. કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાંથી વિદ્યાર્થી રહ્યા ત્યાં પ્રોફેસર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી જે આજ સુધી ૪૫ વર્ષથી સેવા આપી રહ્યાં છે. પોતાની ૨૦૦૬ સુધીની 'વિરાટ શૈક્ષણિક કારકિર્દી' દરમ્યાન એ.આર. કોલેજ ઓફ ફાર્મસી, વિ. પી. સાયન્સ કોલેજ, હોમ સાયન્સ કોલેજમાં વિવિધ વિષયો પર શૈક્ષણિક પ્રદાન આપેલું છે. પ્રો. અનિલભાઈ ભટ્ટે અનેક સેવાકાર્યો જેવા કે ગ્રામ સફાઈ, સેવા શિબિર તેમજ પ્રૌઢ શિક્ષણ વગેરેમાં પોતાનું સક્રિય યોગદાન આપેલ છે. આટલા વ્યસ્ત શૈક્ષણિક જીવન દરમ્યાન તેઓએ અનેક સામાજિક અને રાષ્ટ્રીય વિષયો ઉપર લેખો લખેલ છે.

ચરોતર મેનેજમેન્ટ એસોસીયેશન, બરોડા મેનેજમેન્ટ એસોસીયેશન, ચરોતર સાહિત્ય સભા વગેરેમાં અનેક હોદ્દાઓ થકી પોતાનાં સુવર્ણ સન્માન અનુભવનો લ્હાવો આપેલ છે. અનેક રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાના સેમીનાર – વર્કશોપમાં સક્રિય ભાગ લીધેલ છે. આવા 'વિરાટ વ્યક્તિત્વ'નાં સ્વામીશ્રી પ્રો. અનિલકુમાર ભટ્ટે પોતાનાં પત્ની અને સંતાનમાં પણ પોતાની સેવાની પ્રેરણા સીંચી છે અને પત્ની તથા પુત્રીએ ચક્ષુદાનની ભાવના વ્યક્ત કરેલી છે.

આવા 'વિરાટ વ્યક્તિત્વ'માં સ્વામી એવા પ્રો. શ્રી અનિલ કે. ભટ્ટનાં પરિચયમાં એક મોટો ગ્રંથ પણ લખી શકાય. પરંતુ સ્થળ સંકોચના કારણે અતિ–સંક્ષિપ્ત પરિચય આપેલ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી કિરણકુમાર રતિલાલ પંડ્યા**

પ્લોટ નં. ૩૫૯/૧, સેક્ટર-૫-એ, ગાંધીનગર-૩૮૨૦૦૬.

કિરણકુમાર આર. પંડ્યા, મૂળવતન-ઉમરેઠ, કેશવરાયજીનો ખાંચો, તુળજા માતા પાસે પરંતુ હાલમાં તેઓ ગાંધીનગર સ્થાયી થયેલ છે. તેમનો જન્મ તા. ૨૦-૯-૧૯૫૪ના રોજ ભરૂચ મુકામે મોસાળમાં શ્રી રતિલાલ ઠાકરને ત્યાં થયો હતો. તેઓનું બાળપણ રાધનપુર અને ત્યારબાદ મહુધા પાસે ૧૫૦૦ની વસ્તી ધરાવતા નાની ખડોલ ગામમાં પસાર થયેલું. મેટ્રીક સુધીનો અભ્યાસ નાની ખડોલ ગામમાં પૂર્ણ કર્યા બાદ પ્રિ-સાયન્સ અને બી.ઈ. (સીવીલ)નો અભ્યાસ વલ્લભવિદ્યાનગર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં જ્ઞાતિના છાત્રાલયમાં રહી મોસાળ પક્ષની હૂંફ સાથે સને ૧૯૭૧ થી ૧૯૭૭ દરમ્યાન પૂર્ણ કરેલ.

તેમના પિતાશ્રી સ્વ. શ્રી રતિલાલ સોમેશ્વર પંડ્યા નાની ખડોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી સને ૧૯૮૫માં નિવૃત્ત થયેલ. ટૂંકી આવક હોવાથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી લોન મેળવી બે પુત્રો તથા બે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપેલ. તેમના માતૃશ્રી સ્વ. હસુબેન સાદગીપૂર્ણ જીવન જીવનાર અને ધાર્મિક હતા.

કિરણભાઈ પંડ્યાએ અભ્યાસપૂર્ણ કરી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી ચાલુ કરેલ. ગાંધીનગર, ધાનેરા, મોડાસા, ઈડર તથા અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ ફરજ બજાવી છેલ્લે કાર્યપાલક ઈજનેર તરીકે તા. ૩૦-૦૯-૨૦૧૨ના રોજ અમદાવાદથી નિવૃત્ત થયેલ. તેમના લગ્ન સુરતના શ્રી શશીકાંત જે. પંડ્યા અને અ.સૌ. વિદ્યાબેનની જયેષ્ઠ પુત્રી મિતા સાથે ૧૯૮૦માં થયા હતા. ૩૯ વર્ષના સુખમય દાંપત્ય જીવનમાં તેઓના બે સંતાનોમાં મોટા પુત્ર ચિ. પાર્થ બી.ઈ. (સીવીલ) હાલમાં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં પુત્રવધુ અ.સૌ. ફોરમ (અમદાવાદ) અને લાડલી પૌત્રી ચિ. નિવા (૯ વર્ષ) અને પૌત્ર ચિ. નિવાન સાથે સ્થાયી થયેલ છે. નાના પુત્ર ચિ. જગત બી.ઈ. (કમ્પ્યૂટર) થઈ અમદાવાદમાં સીગ્નેક્સ ડેટા મેટ્રીક્સમાં નોકરી કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૧૫થી એચ-૧ વિઝા પર અમેરિકામાં પુત્રવધુ અ.સૌ. અવની (વિદ્યાનગર) તથા પૌત્ર ચિ. દિવમ્ (૫ વર્ષ) તથા ચિ. આરતી (૨ વર્ષ) સાથે પેન્સીલવેનીયામાં સ્થાયી થયેલ છે.

કિરણભાઈ પંડ્યા હાલમાં ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સને ૨૦૧૦-૧૧થી સેવા આપે છે અને અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય છે. સળંગ પાંચમા વર્ષે તેઓએ રૂ. ૧૧,૧૧૧/- ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આપેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી સેફાલીબેન પરેશભાઈ દવે

જન્મતારીખ : ૧૮-૦૨-૧૯૭૪

મૂળ વતન : -

અભ્યાસ : ૧૨ - પાસ

સેફાલીબેનના શુભ લગ્ન વડોદરા નિવાસી પરેશભાઈ ભાનુભાઈ દવે સાથે તા. ૮-૨-૯૩ વડોદરા મુકામે થયેલ. તેઓને સંતાનમાં તૃષા નામની પુત્રી છે. તેઓએ ઈ.સી.માં ડીગ્રી પ્રાપ્ત કરી હાલ તેઓ માસ્ટર ડીગ્રી કરી રહ્યા છે. સેફાલીબેનને સુંદર રસોઈ બનાવવાનો - સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો શોખ છે.

તેઓનો પતિશ્રી પરેશભાઈ દવે વડોદરા મુકામે રાજા પેસ્ટ કંટ્રોલ સર્વિસના નામે ધંધો કરે છે. તેઓનો સ્વભાવ અને ધંધાકીય સર્વિસને કારણે વડોદરા તથા વડોદરાની આજુબાજુ ખુબ જ નામના મેળવેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદી

જન્મતારીખ : ૩૦–૦૮–૧૯૭૬

મૂળ વતન : સલુણ

અભ્યાસ : બી.એ., એલ.એલ.બી.

ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદીનો જન્મ સલુણ મુકામે થયેલ. વર્ષોપર્યંત નડીયાદ મુકામે સ્થાયી થયેલ છે. સ્વભાવે સરળ હોવાને કારણે તેઓને નડીયાદ જીલ્લામાં તથા આણંદ જિલ્લામાં ખુબ જ નામના મેળવેલ છે.

ધવલભાઈના લગ્નમાં ૧૯૯૯ની સાલમાં નિશાબેન સાથે થયેલ. સંતાનમાં તેઓ બે પુત્રો ધરાવે છે. મોટો આયુષ – દિકરો બી.ઈ. ઈલેક્ટ્રીક થયેલ છે. નાનો પુત્ર હેમ ધો–૭માં અભ્યાસ કરે છે.

ધવલભાઈ ત્રિવેદી – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારીના સભ્ય, બાજખેડાવાળ સમાજ નડિયાદમાં કારોબારી સભ્ય તથા ઘણા બધા હોદ્દાઓ પર સેવાઓ આપેલ છે. બાજખેડાવાળ સમાજ સંચાલિત કો–ઓપરેટીવ કન્ઝયુમર સ્ટોરમાં પણ સેવાઓ આપેલ છે. બ્રહ્મ સમાજ તથા ભારતીય જનતા પાર્ટીમાં પણ તેઓ સક્રીય છે. વકીલ મંડળોમાં પણ તેઓ સક્રિય છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### Prof. Dr. Ranjana Shashikant Dave

Address : Dave's Street, Nana Adadh, Anand, Gujarat-388001,India
Phone No. : Resi. 02692-252568
Mob. No. : +91-99255727 / +91-9427180395
E-mail ID : ranjanadave1051@gmail.com
Marital Status :Married
Status : Retired, Social Worker, Chairman- "Gurushree Pt. Laxardha Swaranjali" - Shishya - Vrund and SPICMACAY - Na. Ex and Facilitator
Born and Brought up and Eudcation at Bombay

**Educational Qualification**

Ph.D., M.A., B.Ed., Visharad-Vocal

**Other Qualification**

- Drawing - Int. Med. and Elementary Exams.-Bombay., Scout and Girls Guide - Training - Bombay, NCERT - Training - Delhi - Typing Computer Etc.

**Career History**

- Achieved "The Best Teacher Aword" by CES, Anand
- Got Prizes in Singing, Dancing, Drama, Ballet, Folk-Dance and Sports Competition
- Active participated in INT and Radio Club Program, Fashion Show and Modelling
- Acted in Bhaval, T.V. Serial and Movie

**Experienced -**

- 10 Yrs. Eng. Med. School and 20 yrs at college.
- Active participated and presented papers in Seminar, Conferences, Work-shops in Eng. Dpt. at State, National and Int. Na. Level.
- IWC-Dist-306-Awarded as an Assemble-Queen, Best President, Best Secreatary,Best Treasurer, Best ISO and Project Chairman in different Activities.
- Ford Foundation - USA - taken active participation in all events competition
- S.P.Uni.-Youth Festival-Led the team as a Managar at State, Zone, National level.
- Given Service as a Judge in various Cultural Activities held by different Educational Institutes, and Organizations and Social Clubs
- Did MOC at P.M. Shree Narendra Modi's Program "Mahila-Shakti-Mela and "Pahechan-Parva adn C. M. Mrs. Anandiben Patel's program - "Swatantra Mahotsava" and in various reputed programs and gave services as an Announcer in various programs.
- Did counseling in Lok-Adalat
- Gave Services as a Secretary and Treasure in Sangeet Vidyalay.
- Organized SPICMACAY-West Zone and State Level Conventions and attended State, Zone and National and Int. Na. Conventions.
- Got the First Rank as a Co-ord. of SPICMACAY Did so many Cultural Programs in Educational Institutes
- Visited USA, Australia, Singapore, Dubai, U.K., Europe, Shreelanka and also visited its Schools and Universities and took active part in their Cultural Activities
- Life-Time Member in Various Organizations like SPICMACAY, IWCA, Blood-Bank , Jivan-Jyot, Aawaz, WILPF etc.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી નીરજ ભુપેન્દ્રભાઈ દવે

નીરજભાઈનો જન્મ આણંદ જીલ્લાના સોજીત્રા ગામમાં તા. ૧૨–૧૧–૧૯૭૭ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ ભુપેન્દ્રભાઈ ચંદુલાલ દવે તથા માતાનું નામ રંજનબેન છે.

નીરજભાઈએ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ સોજીત્રામાં પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ વિદ્યાનગર N. V. Patel College માંથી B.Sc. (Applied Chemistry) નો અભ્યાસ ૨૦૦૦ની સાલમાં પૂર્ણ કરેલ હતો. આણંદમાં ખાનગી સંસ્થામાં નોકરી કરી કારકિર્દીની શરૂઆત કરી. તા. ૬–૧૨–૨૦૦૨માં સ્વ. શ્રી બકુલચંદ્ર શિવપ્રસાદ મહેતાની સુપુત્રી પૂર્વીબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તેઓએ વિવિધ ફાર્મા કંપનીઓમાં મેડિકલ રેપ્રેઝન્ટટિવની જોબ કરતા હતા. માર્ચ–૨૦૦૬માં તેમણે MBA ની ડીગ્રી મેળવી.

જિંદગીમાં ઊંચો ધ્યેય સ્વીકારી ઓસ્ટ્રેલિયાના વિસા મેળવી ઓક્ટો–૨૦૦૯માં ઓસ્ટ્રેલિયાના Adelaide શહેરમાં જવાની વાટ પકડી. તેમની બંને પુત્રીઓ ધ્વનિ તથા શ્રુતિ સાથે પૂર્વીબેન પણ ૨૦૧૦માં Adelaide ગયા અને બાદ થોડા સમય બાદ ઓસ્ટ્રેલિયાની નાગરિકતા પ્રાપ્ત થઈ. તેમની બે બહેનો પૈકી રીટાબેનના લગ્ન શ્રી જીગ્નેશભાઈ વિષ્ણુપ્રસાદ શેલત સાથે થયેલ છે તથા હેમાલીબેનના લગ્ન શ્રી ભાવિનભાઈ વિનોદરાય દવે સાથે થયેલ છે.

હાલમાં નીરજભાઈની મોટી દીકરી ધ્વનિ દવે (ઉ.વ. ૧૯) Physiotherapy નો અભ્યાસ કરે છે તથા નાની દિકરી શ્રુતિ દવે (ઉ.વ. ૧૬) ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે.

નીરજભાઈ એ વિવિધ કંપનીઓમાં નોકરી કરી બહોળો અનુભવ મેળવ્યો છે અને કપરા ચઢાણો સર કરી હાલમાં તેમને પોતાનો retail તથા હોલસેલનો વ્યવસાય શરૂ કરેલ છે. જે અંતર્ગત વિવિધ પ્રકારની ગિફ્ટ આઈટમ, સ્ટેશનરી તથા સાઉથ ઓસ્ટ્રેલિયન લોટરીની franchisee સામેલ છે. તેઓ government ના વિવિધ વિભાગો તથા મેડિકલ Centres માં વિવિધ Products સપ્લાય કરે છે. વિદેશમાં વ્યવસાય કરવા ખૂબ જ કાયદાકીય કાર્યવાહી કરવી પડે છે જે તેઓએ અથાક પ્રયત્નો દ્વારા પૂર્ણ કરેલ છે.

ઓસ્ટ્રેલિયા જવા તથા સ્થાયી થવા ઈચ્છુક વ્યક્તિઓને તેઓ જરૂરી માર્ગદર્શન આપશે તો તેમનો Contact કરી શકો છો.

નીરજભઈ આણંદ બાજખેડાવાળ મંડળ તથા બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી વિદ્યાનગરના આજીવન સભ્ય છે

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી હરસુતાબેન જયેન્દ્રકુમાર દણાંક

જન્મતારીખ : ૨૪–૧૦–૧૯૫૩

વતન : આણંદ

અભ્યાસ : BA, MA, with Lib. Sc. *(લાયબ્રેરી સાયન્સ)*

હરસુતાબેનના લગ્ન ૧૯૭૭ની સાલમાં મુળ–મહુધાના વતની જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાક સાથે અમદાવાદ મુકામે થયેલ. હરસુતાબેને N.D.D.B. આણંદ ખાતે અંબિકા મીલ અમદાવાદ ખાતે લાઈબ્રેરીયન તરીકે નોકરી કરેલ છે. હાલ તેઓ અમદાવાદ ખાતે નિવૃત જીવન વિતાવે છે.

પુત્ર : ખંજન ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક – નડીયાદ ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે તથા નડીયાદ – આણંદ બોરસદ – વિદ્યાનગર બ્રાન્ચના કલસ્ટર હેડ તરીકે ફરજ બજાવે છે. તેઓના લગ્ન જયનાબેન સાથે થયેલ છે. તેમને કિર્તન નામનો પુત્ર છે.

પુત્રી : નિરલ નિલેશકુમાર ડોળીયા, અમદાવાદ મુકામે રહે છે. તેમનો પુત્ર કાર્તિક મીકેનીકલ એન્જીનીયર થયેલ છે.

હરસુતાબેનને ભજન–કિર્તન તથા ધાર્મિક સ્થળોએ ફરવાનો શોખ છે.

જયેન્દ્રકુમાર નૂતન મીલમાં વર્ષોપર્યંત નોકરી કર્યા બાદ પોતાનો શેરબજારનો તથા સ્ટોક એક્ષચેન્જનું કામ કરતા હતા તેઓશ્રી પોસ્ટ એફ.ડી. તેમજ અન્ય કંપનીઓની ડિપોઝીટો સાથે સંકળાયેલા હતા હાલ નિવૃત્ત જીવન કુટુંબ સાથે અમદાવાદમાં વિતાવે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી ગીતાબેન હેમંતકુમાર શુકલ**

જન્મતારીખ : ૨૦-૧૨-૧૯૫૫

મૂળ વતન : અમદાવાદ

અભ્યાસ : ધો. ૧૦ પાસ જવાબદારીના કારણે અભ્યાસ છોડ્યો હતો. ગીતાબેનના શુભલગ્ન આણંદ નિવાસી હેમંતકુમાર ચંદુલાલ શુકલ સાથે (શુકલ સાડીવાળા) ૧૯૭૫માં યોજાયેલ.

પુત્ર : તરલ હેમંતકુમાર શુકલના શુભ લગ્ન પુર્વીબેન સાથે થયેલ છે. તેઓ ઓસ્ટ્રેલીયા ખાતે કાયમી વસવાટ કરે છે. બંસરી નામે દિકરી છે.

પુત્ર : પ્રણવ હેમંતકુમાર શુકલના શુભલગ્ન સ્વેતાબેન સાથે થયેલ છે. તેઓ ઓસ્ટ્રેલીયા વસવાટ કરે છે. તેઓને વંશ નામનો દિકરો છે.

ગીતાબેન બાજખેડાવાળ મહીલા મંડળ - અનેક હોદ્દા પર રહી હાલ સહ-મંત્રી તરીકે સેવાઓ આપે છે. તેઓ જાગૃતિ - મહીલા સંગઠનમાં સેવાઓ આપે છે. તેઓશ્રી દ્વારા અવાર-નવાર જરૂરીયાતમંદ બહેનોને સાડીઓ વિતરણ કરે છે. હાલ તેઓ આણંદ મુકામે નિવૃત્ત જીવન વિતાવે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી રાજેન્દ્રપ્રસાદ ભટ્ટ**

જન્મતારીખ : ૨૭-૪-૧૯૨૯ નિર્વાણ તા. ૧૩-૪-૨૦૧૦

સ્વ. રાજેન્દ્રપ્રસાદનો જન્મ મણીલાલ ભટ્ટના ધાર્મિક પરિવારમાં થયો. બાળપણ ઉમરેઠમાં વીત્યું. એક ભાઈ ભગવતપ્રસાદ અને બહેન હસુમતીબેન સાથે ધાર્મિક વાતાવરણમાં ઉછેર થયો. કેળવણી લીધા બાદ તેઓ સરકારી પી.ડબ્લ્યૂ.ડી. ડીપાર્ટમેન્ટમાં જોડાયા. ટ્રાન્સફરને લીધે અનેક શહેરોમાં જવાનો લાભ મળતો. તેઓશ્રી વીરબાળાબેન સાથે પ્રભુતામાં પગલા માંડ્યા. સંતાનમાં બે પુત્રરત્ન અને બે પુત્રીના પિતા થયા. શિસ્ત અને સાત્વીક જીવનના આગ્રહી હતા. મહેશભાઈ ભટ્ટ અને ભરતભાઈ ભટ્ટ ભણતરના આગ્રહી હતા. બે પુત્રી અરૂક્ષાબેન ભટ્ટ અને પ્રજ્ઞાબેન દવે. બાળકોને જીવન જીવવાની સાચી સમજણ આપી. સરકારી નોકરીમાંથી નિવૃત્તી બાદ યુ.એસ.એ. આવ્યા. અમેરિકામાં બધા બાળકોની સામે જીવન જીવી તા. ૧૩મી એપ્રિલ,૨૦૧૦માં શ્રીજી ચરણ પામ્યા. તેઓ બાળકોને સંચાર ચિંધીને લીલીવાડી મૂકી ગયા. હાલમાં આખો પરિવાર યુ.એસ.એ. ખાતે સેટલ થયો છે.

**જય સ્વામીનારાયણ** **જય ગુરૂદેવ** **જય શ્રી ક્રિષ્ણ**

**ગં.સ્વ. વીરબાળાબેન**

**અરૂક્ષાબેન** **મહેશ ભટ્ટ**

**પ્રજ્ઞાબેન** **ભરતભાઈ ભટ્ટ**

**મીનાબેન**

**લીનાબેન**

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

**તા. ૦૮-૦૧-૨૦૨૩, રવિવાર**

સ્થળ - છાત્રાલયથી ક્ષીરજામ્બા સવારની આરતી તથા ચા-નાસ્તો, ખેડબ્રહ્મા મંદિર, વરતોલ (ચામુંડા માતાનું મંદિર, ગઢ શામળાજી મંદિર, અંબાજી બપોરનું ભોજન) ભોજન બાદ અંબાજી મંદિર દર્શન - ગબ્બર દર્શન, રાત્રી ભોજન, અંબાજીથી રાત્રે છાત્રાલય પરત

ઉપડવાનો સમય - તા. ૮-૧-૨૦૨૩ રવિવારના સવારે ૩.૦૦ કલાકે

પરત - આણંદ રાત્રીના ૧૨ થી ૧ કલાકે

ઉપડવાનું સ્થળ - બાજખેડાવાળ છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર

બુકીંગ - બાજખેડાવાળ છાત્રાલયના આજીવન સભ્યો માટે રૂ. ૫૦૦/-, સભ્ય સિવાયના જ્ઞાતિજનો માટે રૂ. ૧૦૦૦/-

**વહેલા ત `પહેલાના ધોરણે નામ નોંધાવાનો આવશે. નામ નોંધાવતી વખતે જ સીટ નંબર આપી દેવામાં આવશે.**

**બુકીંગ સ્થળ - બાજખેડાવાળ છાત્રાલય, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર**

**નોંધ - બુકીંગ વખતે આઈકાર્ડ બતાવવું ફરજીયાત છે.**

સવારનો નાસ્તો - બટાકો પૌઆ, રતલામી સેવ, ચા-કોફી

બપોરનું ભોજન - દાળ, ભાત, પુરી, પાપડ, બટાકા ટામેટાનું શાક, મેથીના ગોટા-દહીં, ફલાવર-વટાણાનું શાક - શીરો (ચોખ્ખુ ઘી), સલાડ, છાશ

બપોરની ચા - સમય અનુકુળતા પ્રમાણે ચા-કોફી

રાત્રી ભોજન - વઘારેલી ખીચડી, કઢી, પાપડ, અથાણું, બટાકા-ટામેટાનું શાક

નોંધ - ટેમ્પલ કમીટી દ્વારા ગબ્બર ઉપર સાંજના ટાઈમે લેઝર શો - જોઈને જમીને અંબાજીથી નીકળીશું.

**કિરીટકુમાર દવે**
**પ્રમુખશ્રી**

**પ્રણવકુમાર જોષી**
**મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**આણંદ - વિદ્યાનગરની આજુબાજુ વસતા જ્ઞાતિજનો માટે ખાસ સૂચના**

સૌ જ્ઞાતિજનોને ખાસ જણાવવાનું કે, મૂળ સોજીત્રાના મદ્રાસથી આવી આણંદ સ્થાયી થયેલ બિપીનભાઈ ભગવતલાલ ભટ્ટ કે જેઓ બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન ખાતે ફરજ બજાવતાં હતાં. તેઓ દ્વારા સંસ્થાના આજીવન સભ્ય ફી, પત્રિકાના પૈસા તથા જન્માક્ષરના

પૈસા વાપરી નાખવાની નિયમિત આદત પડેલી હતી. વારંવાર સૂચના આપવા છતાં તેઓ સૂધરતા નહોતા ત્યારબાદ તેઓ સ્વૈચ્છિક રાજીનામુ આપી છેલ્લા ૩ વર્ષથી સંસ્થામાંથી છૂટા થયેલા છે સંસ્થા સાથે કે સમાજ સાથે તેમને કોઈ લેવા દેવા નથી.

તેઓ છોકરાઓની ફી ભરવાના બહાને, દવાખાનાની ફી ભરવાના બહાને, ઘરનું ભાડું ભરવાના બહાને, રૂદ્રી તથા કર્મકાંડ જેવા બહાને અવારનવાર લોકો પાસેથી પૈસા લેવા જતાં હોય છે. બાજખેડાવાળ જ્ઞાતિજનોને એમ થાય કે તેઓ બાજખેડાવાળ હોલ પર નોકરી કરે છે તેથી તેમના સાથે વ્યવહાર કરે છે. આ લેખથી જણાવવામાં આવે છે કે તેઓશ્રી દ્વારા છૂટા થયા બાદ પણ વારંવાર સૂચના આપવા છતાં સૂધરતા ન હોવાથી આ ભાઈનો કોઈપણ જાતનો વિશ્વાસ કરવો નહીં કે કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહીં. જેની નોંધ લઈ ઘટતું કરશો. ટૂંકમાં લાયક માણસ નથી જેની ખાસ નોંધ લેશો.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**ફાલ્ગુનભાઈ ઠાકર** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ

ફ્લેટ નં. ૨, શ્રીનિકેતન સોસાયટી, સંન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૫૬ ફોન – ૨૬૭૧૩૧૦૯

સુજ્ઞ જ્ઞાતિજનો, નવરાત્રિના શુભ અવસરે “માં શ્રી જગદંબિકા”ના આશીર્વાદ થકી શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ આપ સહુને નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવે છે.

“આપણો સમાજ છેલ્લા દસ વર્ષોથી સમાજના અગ્રણીઓના સહકાર થકી ચાલતી આર્થિક સહાય પ્રકલ્પ (યોજના) હેઠળ સમગ્ર ભારતમાં રહેતા જ્ઞાતિજનોને વર્ષ ૨૦૨૨–૨૩ માટે ફરી એકવાર નિમ્ન ધોરણ પ્રમાણે આર્થિક સહાય આપવા માટે અરજીઓ મંગાવે છે.”

(અરજીઓ પહોંચાડવાની છેલ્લી તારીખ ૩૧–૧૨–૨૦૨૨)

**અરજી સાથે નિમ્ન દસ્તાવેજો ખાસ જરૂરી છે.**

(૧) ગંગગા સ્વરૂપ વિધવા બહેનો માટે સહાય “મૃત્યુ પ્રમાણપત્ર ફરજીયાત” અને તબીબી બિલ હોય તો વધુ લાભ (૨) વરિષ્ઠ નાગરિક તબીબી સહાય તબીબી બિલ ફરજીયાત (૩) વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે સહાય “પ્રવેશ મેળવ્યાનું પ્રમાણ અને ફી ભરાયાની રસીદ ફરજીયાત”

**બીજા સામાન્ય દસ્તાવેજો**

(૧) જે–તે ગામ કે શહેરના સમાજ પ્રમુખ/કારોબારીનો ભલામણ પત્ર (૨) પરિવારની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર (૩) અરજદારનો મોબાઈલ નંબર (૪) બેંક ખાતાનો કેન્સલ કરેલ ચેક “જેરોક્સ નહિ ચાલે” જેથી અરજદારનાં ખાતા સંખ્યાની ભૂલ ન થાય. (૫) જે તે સભ્યો ગયા વર્ષે સહાય મેળવ્યાની રસીદ કે પત્ર મુંબઈ સમાજ ને નહિ મોકલ્યો હોય તેવા અરજદારોને

આ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સહાય આપવામાં નહીં આવે તેની ખાસ નોંધ લેશોજી (૬) અરજદારો એ ખાસ પોતાના સ્વહસ્તે અરજી લખવી જરૂરી છે.

છેલ્લા બે વર્ષોથી કોરોના હોવાને કારણે વધુ ભંડોળના હોવા છતાંય મુંબઈ સમાજ, આપણાં જ્ઞાતિ બંધુઓને ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમો આર્થિક લાભ આપવા માટે કટિબદ્ધ છે તો આપ બધાં અરજદારોને ખાસ વિનંતી કરવાની આર્થિક સહાયની જરૂર ના હોય તો અરજી કરશો નહિ જેથી અગત્યની જરૂરિયાત ધરાવતા સભ્યોને વધુ લાભ-વ્યવસ્થિત લાભ લમળી શકે.

આ સાથે મુંબઈ સમાજ તરફથી આપ સર્વેને નવરાત્રિ અને દિવાળીની શુભેચ્છાઓ સહ નૂતન વર્ષાભિનંદન અને વડીલોના આશીર્વાદ

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ થકી યોજાયેલ શ્રાવણી ઉત્સવ તા. ૧૧-૮-૨૨ના દિને યોજ્યો હતો. સમાજના સભ્યોએ ઘણાં જ ઉત્સાહ સાથે મોટી સંખ્યામાં ભાગ લઈ ઋગ્વેદી પ્રક્રિયાથી સામૂહિક જનોઈ બદલવાનો કાર્યક્રમ સફળ બનાવ્યો.

જનોઈ બદલ્યા બાદ બધાં ભાઈઓએ ફરાળ અને ચા-કોફી આરોગી ફરી વહેલા મળવા માટે આતુરતા દર્શાવી હતી અને ટૂંક સમયમાં નવા કાર્યક્રમો (જેમ કે લઘુરૂદ્ર દિવાળી મિલન અને નવરાત્રીના ગરબા) યોજી સમાજને અવરનવાર મળવાનું વિચાર્યું હતું.

**મુકેશ ભા. શેલત** — **સેક્રેટરી**

**મહેન્દ્ર ભટ્ટ** — **પ્રમુખ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.

ફોન ૯૪૦૮૫૦૧૩૯૦

